# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - ૭

## વિજ્ઞાન (પ્રથમ સત્ર)



shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

**જૂન / જુલાઈ નું પાઠ આયોજન**
**ધોરણ : 7** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠ નું નામ**:
(૧) વનસ્પતિમાં પોષણ

**અધ્યયન નિષ્પતિ :**
- પદાર્થ અને સજીવને તેમનાં ગુણધર્મો, રચના અને કાર્યોના આધારે જુદા પડે છે. (દા.ત. જુદા જુદા સજીવોમાં પોષણ)
- પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે. દા.ત. શું લીલાપર્ણ સિવાયના પર્ણ પ્રકાશસંશ્લેષણ કરી શકે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
- વનસ્પતિમાં પોષણના પ્રકારો
- પ્રકાશ સંશ્લેષણ – વનસ્પતિમાં ખોરાક બનાવવાની પ્રક્રિયા
- વનસ્પતિમાં પોષણના અન્ય પ્રકારો
- મૃતોપજીવીઓ
- જમીનમાં પોષકતત્વો ફરી કેવી રીતે આવે છે ? તે અંગે ચર્ચા.

**શૈક્ષણિક સાધન :**
- પાઠ્ય પુસ્તક
- જુદા જુદા રંગના પર્ણો
- ચાર્ટસ
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
શિક્ષક વિદ્યાર્થીઓને પોષણ વિશેની વ્યાખ્યા સમજાવશે. પોષણના પ્રકારો વિશે ચર્ચા કરશે. પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા ઉ.દા. દ્વારા સમજાવશે. ચર્ચા કરશે. કાર્બોદિત પદાર્થ સિવાય વનસ્પતિ ખોરાકનું સંશ્લેષણ વિશે માહિતી આપશે. વિદ્યાર્થીઓને પોષણના અન્ય પ્રકારો વિશે જણાવીશ. ચર્ચા કરશે. વિવિધ ઉ.દા. સાથે સમજ આપશે. વિદ્યાર્થીઓને મૃતોપજીવીઓ વિશે સમજાવીશ. ચર્ચા કરશે. જમીનમાં પોષણતત્વો ફરી કેવી રીતે આવે છે ? તેની પ્રક્રિયા સમજાવશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

**પ્રવૃતિ : ૧**
પર્ણોમાં પ્રકાશસંશ્લેષણ તપાસવું.

**પ્રવૃતિ : ૨**
બ્રેડ પર ફુગની તપાસણી

**પ્રોજેક્ટ કાર્ય :**
તમારા વિસ્તારમાં નજીકમાં આવેલ ગ્રીનહાઉસની મુલાકાત લેવી તથા વનસ્પતિ / છોડના ઉછેરનું નિદર્શન કરવું.

**મૂલ્યાંકન**
સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી ઉત્તરો લખવા જણાવીશ.

**જૂન / જુલાઈ નું પાઠ આયોજન**
**ધોરણ : 7** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠ નું નામ**:
(૨) પ્રાણીઓમાં પોષણ

**અધ્યયન નિષ્પતિ :**
- પ્રક્રિયા અને ઘટનાને કારણે સાથે જોડે છે. દા.ત. મનુષ્ય અને અમીબામાં પાચન
- શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગું કરે છે.
- પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
- પાચન એટલે શું ?
- ખોરાક મેળવવાની જુદી જુદી પદ્ધતિઓ
- મનુષ્યમાં પાચન
- પાચનતંત્રના અંગોની સમજૂતિ
- ઘાસ ખાતાં પ્રાણીઓમાં પાચન
- અમીબામાં ખોરાકગ્રહણ અને પાચન

**શૈક્ષણિક સાધન :**
- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ

શિક્ષણ સાગર

- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાચન એટલે શું તે સમજાવીશ. ખોરાક મેળવવાની જુદી જુદી પદ્ધતિઓ જણાવી ચર્ચા કરીશ. મનુષ્યમાં પાચન કેવી રીતે થાય તે આકૃતિ દ્વારા સમજાવીશ. પાચનતંત્રના જુદા જુદા ભાગો જેવા કે મુખ અને મુખગૃહા, અન્નનળી, જઠર, નાનું આંતરડું, મોટું આંતરડું જેવા અંગોના કાર્યો સાથે સમજૂતિ આપીશ. ઘાસ ખાતાં પ્રાણીઓમાં પાચન કેવી રીતે થાય છે. તેની સમજૂતી આપીશ. અમીબામાં ખોરાક ગ્રહણ અને પાચન કેવી રીતે થાય તે અંગે જણાવીશ. ચર્ચા કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રવૃતિ : વિવિધ પ્રાણીઓમાં ખોરાક ગ્રહણ કરવાની વિવિધ પદ્ધતિઓની માહિતીનું એકત્રીકરણ

પ્રવૃતિ : દાંતનો ઉપયોગ

પ્રયોગ : સ્ટાર્ચ ઉપર લાળરસની અસરો તપાસવી.

પ્રવૃતિ : જીભના ભાગો દ્વારા સ્વાદ પારખવા

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.

- વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**જૂન / જુલાઈ નું પાઠ આયોજન**

**ધોરણ : 7** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠ નું નામ:**
(૩) રેસાથી કાપડ સુધી

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થ અને સજીવને તેના દેખાવ, કાર્ય, સુવાસ અને રચના જેવા અવલોકન / અનુભૂતિ કરી શકાય તેવા લક્ષણોના આધારે ઓળખે છે.
- પદાર્થો અને સજીવોને તેમની લાક્ષણિકતા / ગુણધર્મને આધારે વર્ગીકૃત કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પ્રાણીજ રેસાઓ – ઉન અને રરેશન
- ઉન આપવાવાળા પ્રાણીઓ
- રેસાઓમાંથી ઉનમાં રૂપાંતરની પ્રક્રિયા
- રેશમ
- રેશમના કીડાની જીવનગાથા
- કોશેટોમાંથી રેશમ સુધી
- રેશમ બનવાની પ્રક્રિયા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ
- ઉન આપતા પ્રાણીઓના ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાચન એટલે શું તે સમજાવીશ. ખોરાક મેળવવાની જુદી જુદી પદ્ધતિઓ જણાવી ચર્ચા કરીશ. મનુષ્યમાં પાચન કેવી રીતે થાય તે આકૃતિ દ્વારા સમજાવીશ. પાચનતંત્રના જુદા જુદા ભાગો જેવા કે મુખ અને મુખગૃહા, અન્નનળી, જઠર, નાનું આંતરડું, મોટું આંતરડું જેવા અંગોના કાર્યો સાથે સમજૂતિ આપીશ. ઘાસ ખાતાં પ્રાણીઓમાં પાચન કેવી રીતે થાય છે. તેની સમજૂતી આપીશ. અમીબામાં ખોરાક ગ્રહણ અને પાચન કેવી રીતે થાય તે અંગે જણાવીશ. ચર્ચા કરીશ. રેશમની માહિતી આપી રેશમના કીડાની જીવનગાથા વિશે જણાવીશ. રેશમ મેળવવા માટેની પ્રક્રિયા વિશે જણાવીશ. રેશમના કીડાનું પાલન કેવી રીતે થાય છે તે જણાવીશ. રેશમ બનવાની પ્રક્રિયા સમજાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રવૃતિ : શરીર પર રહેલા વાળની ચકાસણી કરવી.

પ્રવૃતિ : જે પ્રાણીના વાળ ઉન તરીકે વપરાય તે પ્રાણીઓ ના ચિત્રો ચોટાડવા

પ્રવૃતિ : ભારત તથા વિશ્વના રેખાંકિત નકશામાં ઉન આપતા પ્રાણીઓ બતાવવા.

પ્રવૃતિ : જુદા જુદા પ્રકારના રેશમના કપડામાંથી નમૂનાના ટુકડા સ્કેપબુકમાં ચોંટાડવા

પ્રવૃતિ : શુદ્ધ રેશમ તથા કૃત્રિમ રેશમની દોરી સળગાવવી ગંધ તપાસવી.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.
- વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 7** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠ નું નામ**:

(૪) ઉષ્મા

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધરે જુદા પાડે છે. દા.ત. ઉષ્માના સુવાહકો અને મંદવાહકો.

**શૈક્ષણિક મુદ્દા :**

- શિયાળા અને ઉનાળાની ઋતુઓ અનુભવ – વર્ણન
- ઠંડુ અને ગરમ
- તાપમાન તથા તેનું માપન
- થર્મોમીટરનું વાંચન
- પ્રયોગશાળામાં વપરાતુ થર્મોમીટર
- ઉષ્માનું પ્રસરણ
- ઉષ્માના સુવાહક – અવાહક
- ઉષ્માનયન
- ઉષ્માવિકીરણ
- ઉનાળાની ઋતુ તથા શિયાળાની ઋતુમાં પહેરવેશ.

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- પ્રયોગના સાધનો થર્મોમીટર ડૉક્ટરનું તથા પ્રયોગ શાળાનું
- ચાર્ટસ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ પાસે શિયાળા અને ઉનાળાની ઋતુમાં થતાં અનુભવો વર્ણવા જણાવીશ. કોઇ પદાર્થ કેટલો ઠંડો કે ગરમ છે તે પ્રવૃતિ દ્વારા બતાવીશ. વિદ્યાર્થીઓને તાપમાન તથા તેનું માપન વિશે સમજાવી ચર્ચા કરીશ. થર્મોમીટરનું વાંચન કેવી રીતે કરી શકાય તે બતાવીશ. પ્રયોગશાળામાં વપરાતું થર્મોમીટર વિશે માહિતી આપીશ. ઉષ્માનું પ્રસરણ કેવી રીતે થાય છે તે પ્રયોગ દ્વારા બતાવીશ. ઉષ્માના સુવાહક તથા અવાહક વિશે ઉ.દા. દ્વારા સમજાવીશ. ઉષ્માનયન અને ઉષ્માવિકિરણ વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીશ. પ્રયોગ દ્વારા તે સમજાવીશ. ઉનાળાની ઋતુ તથા શિયાળાની ઋતુમાં પહેરવેશ માટેના વસ્ત્રોની માહિતી આપીશ. ચર્ચા કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રવૃતિ : થર્મોમીટરની મદદથી પાણીનું તાપમાન માપવું.

પ્રયોગ : ૧ પદાર્થનું ઉષ્માનું પ્રસારણ તપાસવું.

- પાણીમાં થતું ઉષ્માનયન તપાસવું.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 7** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠ નું નામ**:

૫. એસિડ બેઇઝ અને ક્ષાર

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થ સજીવોને તેમના ગુણધર્મો રચના અને કાર્યના આધારે જુદા પાડે છે. દા.ત. એસિડ, બેઇઝ અને તટસ્થ પદાર્થોને ઓળખવા.
- શિખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજીંદા જીવનમાં લાગુ કરે છે. દા.ત. એસીડીટી થવાનું કારણ તથા તેની સારવાર પાછળનું વિજ્ઞાન સમજે. જેવી અન્ય બાબતો.

**શૈક્ષણિક મુદ્દા :**

- રોજીંદા જીવનમાં ઉપયોગી પદાર્થોનો સ્વાદ ચકાસવો.
- એસિડ અને બેઇઝ
- આપણી આસપાસના કુદરતી સૂચકો.
- હળદરએ પ્રાકૃતિક સૂચક છે.
- જાસુદના ફૂલનો સૂચક તરીકે ઉપયોગ

- તટસ્થીકરણ

- રોજીંદા જીવનમાં તટસ્થીકરણ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- પ્રવૃતિ માટે જરૂરી સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ દ્વારા રોજીંદા જીવનમાં ઉપયોગી પદાર્થોના સ્વાદ (ખાટો / તૂરો / તે સિવાયનો) ચકાસવાની પ્રવૃતિ કરાવીશ. એસિડ અને બેઇઝની વ્યાખ્યા પ્રવૃતિ દ્વારા સમજાવીશ. એસિડ અને બેઇઝ શેમાં જોવા મળે છે. તે ઉ.દા. દ્વારા સમજાવીશ. આપણી આસપાસના કુદરતી સૂચકો વિશે માહિતી આપીશ. હળદર અને જાસુદનો સૂચક તરીકે કેવી રીતે ઉપયોગ થાય છે તે બતાવીશ. તટસ્થીકરણની પ્રક્રિયા પ્રયોગ દ્વારા બતાવીશ. વિદ્યાર્થીઓ અવલોકન કરી તારણ કાઢશે. રોજીંદા જીવનમાં તટસ્થીકરણ કેવી રીતે થાય છે તે વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રવૃતિ :

પદાર્થનો સ્વાદ ચકાસવો.

પ્રયોગ :

હળદરનો સૂચક તરીકે ઉપયોગ ચકાસવો.

- જાસૂદનો સૂચક તરીકે ઉપયોગ ચકાસવા
- તટસ્થીકરણ પ્રક્રિયાનો પ્રયોગ

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન

**ધોરણ : 7** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠ નું નામ:**

(૬) ભૌતિક અને રાસાયણિક ફેરફારો

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થો અને સજીવોને તેમની લાક્ષણિકતા / ગુણધર્મોના આધારે વર્ગીકૃત કરે છે. (ભૌતિક અને રાસાયણિક ફેરફાર)
- ઘટનાને કારણે સાથે જોડે છે.
- શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગું કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- આપણી આસપાસ થતાં ફેરફારો – ફેરફારના બે પ્રકાર

(૧) ભૌતિક ફેરફાર

(૨) રાસાયણિક ફેરફાર

- લોખંડનું કટાવું
- સ્ફટિકીકરણ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને આપણા રોજિંદા જીવનમાં થતાં ફેરફારો વિશે જણાવીશ. ચર્ચા પ્રશ્નોતરી કરીશ. ફેરફારોના પ્રકારો જણાવી ભૌતિક ફેરફાર અને રાસાયણિક ફેરફાર વિશે વિવિધ પ્રવૃતિ તથા પ્રયોગ દ્વારા સમજાવીશ. રાસાયણિક પ્રક્રિયા પ્રયોગ દ્વારા સમજાવીશ. લોખંડના કટાવાથી પ્રક્રિયા કેવી રીતે થાય છે તે સમજાવીશ. ચર્ચા કરીશ. સ્ફટિકીકરણની પ્રક્રિયા સમજાવીશ. પ્રયોગ દ્વારા સમજાવીશ. વિદ્યાર્થીઓ અવલોકન કરી નોંધશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : કાગળના ટુકડાઓ કરવા

પ્રયોગ : મેગ્નેશિયમની પટ્ટીને બાળવું

- ચૂનાના નીતર્યા પાણીમાંથી $Co_2$ વાયુ પસાર કરવો.
- પ્રયોગ : લોખંડની પાણી સાથેની પ્રક્રિયા

**મૂલ્યાંકન**

સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન

**ધોરણ : 7** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠ નું નામ:**

- હવામાન આબોહવા અને આબોહવાની સાથે પ્રાણીઓનું અનુકૂલન

**અધ્યયન નિષ્પતિ :**

- પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.

- પ્રક્રિયા અને ઘટનને કારણે સાથે જોડે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- હવામાન
- હવામાન સમાચારના નમૂનાનું અવલોકન
- અઠવાડિયાના હવામાનની આંકડાકીય માહિતીનું એકત્રીકરણ
- મેઘાલયમાં આવેલા શિલોંગનો મહત્તમ તાપમાનના આલેખનું નિદર્શન
- આબોહવા
- શ્રીનગર અને થિરુવનન્થપૂરમના આબોહવાની માહિતીની ચર્ચા
- વાતાવરણ અને અનૂકુલન

(૧) ધ્રુવ પ્રદેશો

(૨) વિષુવવૃત્તીય વર્ષાવનો

- જીવનસૃષ્ટિના અનૂકુલનોની માહિતી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને હવામાન વિશે માહિતી આપીશ ન્યૂઝપેપરમાં આવતો હવામાન સમાચારના નમૂનાનું અવલોકન કરાવીશ. અઠવાડિયાના હવામાનની આંકડાકીય માહિતીનું એકત્રીકરણ કરાવીશ. હવામાનની વ્યાખ્યા સમજાવીશ. મેઘાલયમાં આવેલા શિલોંગનો મહત્તમ તાપમાનનો આલેખનું નિદર્શન કરાવીશ. વર્ષામાપક અને થર્મોમીટર સાધનની માહિતી આપીશ. આબોહવાની વ્યાખ્યા સમજાવીશ. શ્રીનગર અને થિરુવનન્થપૂરમ (કેરાલા) ના આબોહવાની માહિતી આપીશ. ચર્ચા – પ્રશ્નોત્તરી કરીશ. વાતાવરણ અને અનૂકુલન કેવી રીતે શક્ય બને છે તેની ચર્ચા કરીશ. ધ્રુવપ્રદેશો અને વિષુવૃત્તીય વર્ષાવનોના આબોહવા અને તાપમાનોની માહિતી આપીશ. ત્યાંના જીવસૃષ્ટિના અનુકૂલનો વિશે વિસ્તૃત જાણકારી આપીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : સમાચારપત્ર માંથી છેલ્લા અઠવાડિયા દરમિયાન આવેલો હવામાન રિપોર્ટ કાપીને ભેગો કરો.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.
- વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**ઓક્ટોબર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 7** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠ નું નામ**:

(૮) પવન, વાવાઝોડું અને ચક્રવાત

**અધ્યયન નિષ્પતિ :**

- પ્રક્રિયા અને ઘટનાને કારણે સાથ જોડે છે.
- શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.
- પોતાની આસપાસમાંથી મળી આવતી વસ્તુઓનો ઉપયોગ કરીને પ્રતિકૃતિનું નિર્માણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- હવા દબાણ કરે છે.
- પવનને વેગ વધવાને લીધે હવાનું દબાણ ઘટે છે.
- ગરમ થવાથી હવાનું કદ વધે છે.
- પવનની ઉત્પતિ
- ગાજવીજ સાથેનું વાવાઝોડું અને ચક્રવાત
- ચક્રવાતને લીધે થતો વિનાશ
- વંટોળ
- સુરક્ષાના અસરકારક પગલાં
- આધુનિક ટેકનોલોજીની મદદ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- પ્રયોગ માટે જરૂરી સાધનો
- પ્રવૃતિ માટે જરૂરી સાધનો
- ચાર્ટ્સ
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને “હવા દબાણ કરે છે” તે પ્રયોગ, પ્રવૃતિ દ્વારા સમજાવીશ. પવનનો વેગ વધવાને

લીધે હવાનું દબાણ કેવી રીતે થાય છે. તે પ્રવૃતિ તથા પ્રયોગ દ્વારા બતાવીશ. વિદ્યાર્થી ઓ અવલોકન કરી તારણ કાઢશે. ગરમ થવાથી હવાનું કદ વધે છે. તે પ્રયોગ દ્વારા / પ્રવૃતિ દવારા બતાવીશ. પૃથ્વી પર થી સપાટી અસમાન રીતે ગરમ થવાને કારણે પવનનો પ્રવાહ ઉત્પન્ન થાય છે. તે ઉદા. સાથે સમજાવીશ. ગાજવીજ સાથેનું વાવાઝોડું અને ચક્રવાત વિશે સમજ આપીશ. ચર્ચા કરીશ. પ્રશ્નોતરી કરીશ. ચક્રવાતને લીધે થતાં વિનાસ વિશે માહિતી આપીશ. ચક્રવાતને લીધે થતાં વિનાશ વિશે માહિતી આપીશ. વંટોળની માહિતી આપીશ. ચર્ચા કરીશ. અસરકારક પગલાં જણાવીશ. ચર્ચા કરીશ. આધુનિક ટેકનોલોજીની મદદ કેવી રીતે મળે છે તે જણાવીશ. ચર્ચા કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : બોટલ, ફુગ્ગાઓની વચ્ચે ફુંક મારવી

પ્રયોગ : ગરમ થવાથી હવાનું કદ વધે છે તે તપાસવું.

પ્રયોગ : ગરમ હવા ઊંચે ચડે છે તે તપાસવું.

પ્રવૃતિ : ન્યુસ પેપર અને મેગેજીન માંથી ચક્રવાત અને વવાજેડના ફોટો ગ્રાફ સંગ્રહ કરવા .

**મૂલ્યાંકન** –

**ઓક્ટોબર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 7** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠ નું નામ**:

(૭) ભૂમિ

**અધ્યયન નિષ્પતિ :**

- શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે
- પર્યાવરણના રક્ષણ માટે પ્રયત્ન કરે છે

**શૈક્ષણિક મુદ્દા :**

- ભૂમિ નું મહત્વ
- ભૂમિ જીવનથી ભરપૂર
- ભૂમિ ની રૂપરેખા
- ભૂમિ ના પ્રકારો
- ભૂમિના ગુણધર્મ
- ભૂમિમાં ભેજ
- ભૂમિ દ્વારા પાણીનું શોષણ
- ભૂમિ અને પાક
- માટલા ની બનાવટ નો કેસ સ્ટડી
- ભૂમિનો ધોવાણ તથા તે અટકાવવાના ઉપાયો

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- ચાર્ટ ચિત્રો
- વિવિધ પ્રકારની જમીન માટેના નમૂના

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓની ભૂમિ નું મહત્વ સમજાવીશ. માટીના નમૂનાનું અવલોકન કરાવીશ. તેના આધારે કોષ્ટકમાં માહિતી ભરાવીશ. ભૂમિની રૂપરેખા આકૃતિ દ્વારા સમજાવીશ. ભૂમિના પ્રકારો જણાવી ચર્ચા કરીશ પ્રશ્નોત્તરી કરીશ. ભૂમિના ગુણધર્મ સમજાવીશ અંત:સ્ત્રાવણ દરનું માપન કરાવીશ. ભૂમિના ભેજનું પ્રમાણ તપાસવા માટેનો પ્રયોગ કરાવીશ. વિદ્યાર્થીઓ અવલોકન કરશે. ભૂમિ દ્વારા પાણીનું શોષણ કેવી રીતે થાય છે તે પ્રયોગ દ્વારા બતાવીશ. ચર્ચા કરીશ. જુદા જુદા પ્રકારની ભૂમિમાં જુદા જુદા પ્રકારના પાકો થાય છે. તે વિશે જણાવીશ ચર્ચા કરીશ. માટલા ની બનાવટ ના કેસ સ્ટડી વિશે જણાવીશ. ભૂમિનું ધોવાણ કેવી રીતે થાય છે તે અટકાવવાના ઉપાયો જણાવી ચર્ચા કરીશું.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

**પ્રવૃતિ** : માટીના નમૂના તપાસવા

- માટીના ઢેફા માંથી જમીનના સ્તરો તપાસવા
- ભૂમિમાં પાણીનો અંત:સ્ત્રવણ ઝરણ that જુઓ
- ભૂમિ દ્વારા પાણીનું શોષણ તપાસો

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાય ના પ્રશ્નોના ઉત્તર એક ચર્ચા કરીશ

વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિદ્યાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education





**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**